# કચ્છના વાગડના પારકરા કોળી સમુદાયની સ્થિતિ વિચાર માંગી લે તેવી



કચ્છ નહીં દેખા તો કુછ નહીં દેખાની જાહેરાત અમિતાભ બચ્ચનના મોંઢે મોટાભાગના લોકોએ સાંભળી હશે. આ જાહેરાતની અસર પણ થઈ. લોકજીભે આ વાક્ય ચડ્યું એટલે જ ગુજરાત બહારના પ્રદેશમાં ગુજરાત પ્રવાસનની વાત નીકળે તો ત્યાંના લોકો પણ કચ્છ નહીં દેખા તો... નું વાક્ય બોલતા આપણને સંભળાય. રણ, દરિયો, ધોરડો, કચ્છી સંસ્કૃતિ, હસ્તકલા વગેરે જોવા માટે દર વર્ષે હજારો પ્રવાસીઓ કચ્છ આવે પણ આ પ્રદેશની એક બીજી દુનિયા પણ છે જે પ્રવાસનના નકશામાં દેખાતી નથી.

આ જ કચ્છના વાગડમાં પારકરા કોળી સમુદાય વર્ષોથી ગરીબી, અભાવ એક રીતે કહીએ તો મૂળભૂત અધિકારોથી વંચિત રહીને પોતાનું જીવન જીવે. એક સમયે આ સમુદાયના અનેક પરિવારો ગામથી દૂર, જંગલમાં વસતા. વર્ષો પહેલા તો જે જગ્યા પર તેમનો વસવાટ હોય ને ત્યાં પરિવારના કોઈનું મૃત્યુ થાય તો તેઓ રહેણાંકની એ જગ્યા છોડી દેતા. એટલે એમનો સ્થિર વસવાટ ન થયો ને સ્થિરતા ન હોવાના કારણે પોતાનું પાક્કું ઘર કે પોતાની ઓળખ સાબિત કરવાના દસ્તાવેજો પણ કઢાવી ન શક્યા. અલબત્ત દસ્તાવેજો ન કઢાવવા પાછળની એમની માન્યતાઓ પણ જબરી. રાપર સ્થિતિ ગ્રામ સ્વરાજ સંઘ સંસ્થાના સ્થાપક દિનેશભાઈ સંઘવી સાથે પારકરા કોળી સમુદાયની સ્થિતિ અંગે વાત થઈ. તેઓ કહે કે, “પારકરા કોળી કોઈ દિવસ સરકારી કચેરીમાં ન જાય. એમની માન્યતા પ્રમાણે કોઈએ ખરાબ કામ કર્યું હોય તો સરકારી કચેરીમાં જવું પડે. આવી માન્યતાના કારણે એમની પાસે નાગરિક તરીકેની ઓળખ દર્શાવતા કોઈ દસ્તાવેજ જ નહીં.” વર્ષ 2001 પહેલાં, એટલે કચ્છના વિનાશક ભૂકંપ પહેલાં, આ સમુદાયના બહુ ઓછા લોકો પાસે પોતાની ઓળખ સાબિત કરતા દસ્તાવેજો હશે. મતદાર કાર્ડ, રેશનકાર્ડ, જન્મ પ્રમાણપત્ર કે ઓળખના અન્ય પુરાવાઓ આ બધું તેમની જિંદગીનો સહજ હિસ્સો નહોતું.

**આપણી આસપાસ**
**★ મિત્તલ પટેલ**

વાગડના પારકરા કોળી પરિવારો આજે પણ અત્યંત મર્યાદિત સંસાધનો સાથે જીવે. કેટલાક લોકો ભાગવી ખેતી કરે, કેટલાક ખેતમજૂરી તો અનેક પરિવારો કોલસા પાડવાનું તો કેટલાક લોકો જંગલમાંથી જંગલી પેદાશો એકત્ર કરી એને વેચીને પરિવારનું ગુજરાન ચલાવવા મથે.

ભચાઉ તાલુકાના જનાણગામમાં જવાનું થયું ત્યાં આ સમુદાયના લોકો જંગલમાંથી એકત્રિત કરીને લાવેલી સતાવરી સાફ કરવાનું કરી રહ્યા હતા. આમાં કેટલું મળતર મળે એ અંગે પૂછ્યું તો એમણે કહ્યું, “એક આખો દિવસ જંગલમાંથી સતાવરીના છોડ ભેગા કરવામાં જાય. બીજા દિવસે એને સાફ કરીને સુકવીએ ને સુકાઈ જાય પછી નાના નાના ટુકડા કરીને રાપર વેચવા જઈએ જેનો કિ.ગ્રા.નો ભાવ દોઢસો બસો મળે. ચાર, પાંચ દિવસની મંજૂરી પછી પાંચસો છસો મળી જાય.” તડકામાં રખડી રખડીને ચામડી તામ્રવર્ણી થઈ જાય એવી કાળી મંજૂરી કર્યા પછી વળતર નગણ્ય જેવું. પણ એ લોકો કહે, “આ ન કરીએ તો બીજું શું કરીએ. ખેતી તો મોટાભાગે આકાશી. કામ ન હોય ત્યારે ખાવા પીવામાં તકલીફ થાય એટલે જંગલ પેદાશો શોધીએ.”

2001ના ભૂકંપ પછી કચ્છમાં સરકાર અને અનેક સામાજિક સંસ્થાઓએ પુનર્વસનનું કામ હાથ ધર્યું. પારકરા કોળી સમુદાયના પરિવારો પણ આ પ્રક્રિયાનો ભાગ બન્યા. જ્યાં તેઓ માટીના ભુંગામાં કે કાચા છાપરામાં રહેતા હતા, ત્યાં અનેક જગ્યાએ એક રૂમ અને ઓસરીવાળું પાકું મકાન બન્યું. પણ જે જમીન પર તેમનું ઘર બન્યું તેનો કાયમી હક આ પરિવારો પાસે નહોતો. 2001માં થયેલા કામને આજે છવ્વીસ વર્ષ થયા છતાં તેઓ આ જમીનનો માલિકી હક મેળવી શક્યા નથી. અત્યાર સુધી તેમને આ જમીન પોતાની નથી, એને લઈને કોઈ માથાકૂટ પણ નહોતી. પણ હવે એમને “કાલે આ જગ્યા ખાલી કરવી પડશે તો?”નો ભય લાગી રહ્યો છે. અમે રાપર તાલુકાના મુવાણા ગામમાં પારકરા કોળી સમુદાયની એક ટેકરા પર આવેલી વસાહતમાં ગયા. લગભગ નવ જેટલા પરિવારો કાચા છાપરાંમાં ત્યાં રહે. વસાહતમાં આવેલા લીમડાના ઝાડ નીચે અમે બેઠા ને અમારી સામે વસાહતના અન્ય સૌ. અમે આગેવાન રામજીભાઈને પૂછ્યું, “આ વસાહતમાંથી કેટલાં બાળકો શાળાએ જાય છે?” એમણે કહ્યું, “એકપણ નહીં.” “કેમ?”

જવાબ ખૂબ જ ટૂંકો હતો, “બસ નથી જતા.” રામજીભાઈને શું કહેવું એ ઘડીક તો સમજાયું નહીં. પણ ગરીબીની સૌથી મોટી અસર બાળકો પર પડી રહ્યાનું જણાયું. આર્થિક હાલત ખરાબ. જીવન ટકાવી રાખવાની મજબૂરી એટલે ખેતમજૂરીમાં નાના બાળકોને લગાડી દેવાનું કરવામાં આવે. પરિણામે એમની શાળા છૂટી જાય. અલબત્ત ઘણી જગ્યાએ તો બાળકોના નામ શાળામાં દાખલ કરવાની દરકાર જ ન લેવાય.

સમગ્ર પારકરા કોળી સમુદાયમાં ભણેલા લોકોની સંખ્યા ખૂબ ઓછી. સ્નાતક થયેલી વ્યક્તિ તો ભાગ્યે જ જોવા મળે. એમાંય દીકરીઓની સ્થિતિ તો વધુ ચિંતાજનક. પ્રાથમિક શિક્ષણ પણ ઘણી ઓછી દીકરીઓ પૂર્ણ કરે. સ્વૈચ્છિક સંસ્થાઓએ પ્રયાસો કર્યા પણ આમાં આ સમુદાયની મનઃસ્થિતિ સ્થિતિ સમજી, સરકારે કડકપણે આ સમુદાયના બાળકો શાળા સુધી પહોંચે એ માટે કડક અમલની જરૂર હોવાનું પણ જણાય. સરકારે દ્વારા આદિમજૂથો માટે જે રીતે પ્રયત્નો કર્યા તેવા પ્રયત્નો પારકરા માટે કરવા જોઈએ.

**2001માં થયેલા કામને આજે છવ્વીસ વર્ષ થયા છતાં તેઓ આ જમીનનો માલિકી હક મેળવી શક્યા નથી, અત્યાર સુધી તેમને આ જમીન પોતાની નથી, એને લઈને કોઈ માથાકૂટ પણ નહોતી, પણ હવે એમને “કાલે આ જગ્યા ખાલી કરવી પડશે તો?”નો ભય લાગી રહ્યો છે**

પારકરા કોળી સમુદાયની સૌથી મોટી મુશ્કેલી તેઓ માત્ર અધિકારોથી વંચિત નથી, પણ મોટાભાગના પોતાના અધિકારો વિશે પૂરું જાણતા નથી. સરકારીની કલ્યાણકારી યોજનાઓ તકવંચિત સમુદાયો માટે છે પણ આ યોજનાઓ સુધી પહોંચવા માટે દસ્તાવેજ જોઈએ. પણ આજેય ઘણા પરિવારો પાસે ઓળખના આધારો નથી. આમ દસ્તાવેજોની ગેરહાજરીમાં સરકારની યોજનાઓ સુધી પહોંચવાનો રસ્તો બંધ થઈ જાય. જ્યારે દસ્તાવેજ મેળવવા સરકારી કચેરીમાં જવાનું થાય ત્યારે પ્રક્રિયા સમજવાની, અરજી કરવાની અને જરૂરી પુરાવા ભેગા કરવામાં એમને મુશ્કેલી થાય. જેમણે આખી જિંદગી સરકારી કચેરીના પગથિયાંથી અંતર રાખ્યું હોય, તેમના માટે આ વ્યવસ્થા એક મોટો પડકાર લાગે.

પારકરા કોળી સમુદાય હાંસિયામાંથી પણ બહાર હોવાનું આપણને જણાય ત્યારે એમને મુખ્યધારામાં લાવવા માટે જ્યાં તેઓ વર્ષોથી વસે છે શક્ય હોય તો ત્યાં તેમને કાયમી જમીનનો હક મળે. જો તે શક્ય ન હોય તો યોગ્ય જગ્યાએ પ્લોટ ફાળવીને કાયમી વસવાટની વ્યવસ્થા થાય તે જરૂરી. સાથે દરેકને પોતાના ઓળખના પુરાવા એક નિશ્ચિત સમયમર્યાદા નક્કી કરીને યુદ્ધના ધોરણે કાઢી આપવામાં આવે. ક્યાંક તેમની સ્થિતિને અનુરુપ નવી કલ્યાણકારી યોજનાઓનું ગઠન કરવાનું થાય એ અગત્યનું. એક સંકલિત પ્રયાસ આ સમુદાયને મુખ્યપ્રવાહમાં ભેળવવા સરકારે તેમજ સમાજે કરવાની જરૂર.

# માર્શલ આર્ટીસ્ટ બ્રુસ લીના મૃત્યુનું રહસ્ય




જેમને કુંગ ફૂ, કરાટે જેવી માર્શલ આર્ટમાં રસ હશે તેઓ બ્રુશ લીના નામથી અપરિચિત નહીં હોય. બ્રુસ લી માત્ર બત્રીસ વર્ષની વયે મૃત્યુ પામ્યો ત્યારે ભારત હજુ ગરીબી, શોષણ અને ભાવનાત્મક ફિલ્મોમાં ખોવાયેલું હતું. તે સમયે ફિલ્મો પાસે આજના જેવી હાઈ ફાઈ ટેકનીક નહોતી, કોમ્પ્યુટર અને સોશિયલ મીડિયા નહોતું. ભારતમાં ફક્ત ભારતીય હીરો જ જાણીતા હતા એ સમયમાં પોતાની ફિલ્મો અને માર્શલ આર્ટ દ્વારા જાણીતા બનેલા બ્રુશ લીના મૃત્યુ વિશે સર્વસંમતિ સાધી શકાઈ નથી. તેના મૃત્યુ વિશે હજુ જાતજાતનાં તારણો બહાર આવ્યા છે. તો કોણ હતો બ્રુશ લી?

પોતાના સ્ફૂર્તિલા અને ચુસ્ત શરીર માટે જાણીતા બ્રુશ લીનો જન્મ ૨૭ નવેમ્બર ૧૯૪૦ના રોજ સાન ફ્રાન્સિસ્કોમાં થયો હતો. તે સમયે માર્શલ આર્ટ માટે વિશ્વમાં પ્રખ્યાત થઈ જનાર બ્રુસ લીની ઊંચાઈ ફક્ત પાંચ ફૂટ અને ચાર ઈંચની જ હતી. જે સમયે ઊંચા હીરો અને માર્શલ આર્ટીસ્ટની નામના હતી તે સમયમાં આ મધ્યમ કદના કલાકારે માર્શલ આર્ટની દુનિયામાં બધાયને પાછળ રાખી દીધા હતા. માત્ર ૬૪ કિલોનું વજન ધરાવતા બ્રુશ લીના શરીરમાં સ્ટીલ જેવી તાકાત હતી. જે તેણે માર્શલ આર્ટથી સજ્જ કરી હતી. જ્યારે માત્ર બત્રીસ વર્ષની ઉંમરે તેનું મૃત્યુ થયું ત્યારે હોલીવુડના ફિલ્મ જગતમાં સન્નાટો ફરી વળ્યો હતો. તેનું મૃત્યુ આજે પણ એક રહસ્ય ગણાય છે.

**જે સમયે ઊંચા હીરો અને માર્શલ આર્ટીસ્ટની નામના હતી તે સમયમાં આ મધ્યમ કદના કલાકારે માર્શલ આર્ટની દુનિયામાં બધાયને પાછળ રાખી દીધા હતા, માત્ર ૬૪ કિલોનું વજન ધરાવતા બ્રુશ લીના શરીરમાં સ્ટીલ જેવી તાકાત હતી**

બ્રુસ લી એક એવા પરિવારમાં જન્મ્યો હતો જે તત્કાલીન સમાજમાં જાણીતો હતો. તેના પિતા લી હોઈ ઓપેરા ગાયક હતા અને તેની માતા બ્રિટિશ પરિવારની સૌથી ધનાઢ્ય પરિવારની સ્ત્રી હતી. જોકે એ સ્ત્રી યુરેશિયન હતી એટલે બ્રુશ લીમાં મા અને બાપ બેયનો વારસો ઉતર્યો હતો. બ્રુસ લી શાળામાંથી અંગ્રેજી અને ઘરમાંથી ચાઈનીઝ શીખીને મોટો થયો હતો. ચાર મહિનાના બ્રુશ લીને લઈને તેનો પરિવાર હોંગકોંગ પાછો ફર્યો. તે માત્ર પાંચ વર્ષનો હતો ત્યારથી તેની ફિલ્મી સફર શરૂ થઈ ગઈ હતી. તેણે ‘ધ બર્થ ઓફ મેનકાઈન્ડ’ (૧૯૪૬) અને ‘ફૂ ગુઈ ફુ યુન’ (૧૯૪૮) જેવી ફિલ્મોમાં બાળ ભૂમિકાઓ ભજવી હતી. બાર વર્ષની ઉંમરે તેણે કોલેજ જવાનું શરૂ કર્યું. એક વાર બ્રુશ લીની શેરીના આવારા ગેંગના લોકોએ ભેગા થઈને બહુ માર્યો. એ બનાવ પછી તેણે માર્શલ આર્ટની તાલીમ લેવાનું શરૂ કર્યું. તેણે પાંચ વર્ષ કૂંગ ફૂની જ ઔપચારિક તાલીમ લીધી હતી. તેણે જે તાલીમ લીધી હતી તેનો પ્રયોગ પોતાના ઉપર જ કર્યો અને એક નવી આર્ટનું નિર્માણ કર્યું. બ્રુસ લીને ચા-ચા ડાન્સ પસંદ હતો. તેણે અઢાર વર્ષની ઉંમરે હોંગકોંગમાં મુખ્ય ડાન્સ ચેમ્પિયનશિપ પણ જીતી હતી. બ્રુસ લી ૧૯૫૯માં અમેરિકા પરત ફર્યો. સિએટલમાં માર્શલ-આર્ટ સ્કૂલ ખોલી. ૧૯૬૪માં તેણે અમેરિકાની લિન્ડા એમરી સાથે લગ્ન કર્યા અને ૧૯૬૫માં તેને એક પુત્રનો જન્મ થયો જેનું નામ બ્રાન્ડન લી રાખવામાં આવ્યું. તે પછી તેને બીજું બાળક પણ થયું. અમેરિકામાં બ્રુશ લીએ અભિનેતા સ્ટીવ મેક્વીન સહિત કેટલાક પ્રખ્યાત લોકોને માર્શલ આર્ટની વ્યક્તિગત તાલીમ પણ આપી હતી.

**ઘટ ઘટ પાની**
**★ માવજી મહેશ્વરી**

બ્રુશ લીને હોલીવુડની ફિલ્મોમાં કામ કરવું હતું પણ તેને તકો મળી નહીં. ૧૯૭૦ની આસપાસ તે હોંગકોંગ પરત ફર્યો. તેને યશ અપાવનાર એક્શન ફિલ્મ બિગ બોસ એટલી હિટ રહી કે એશિયામાં ખ્યાતનામ થઈ ગયો. તે પછી બ્રુસ લી હોલીવુડના ધ્યાને આવી ગયો હતો. તેની એક્શન ફિલ્મ ‘એન્ટર ધ ડ્રેગન’ રિલીઝ થવાની હતી. પણ તે પોતાની ફિલ્મને રિલીઝ થતી જોઈ શક્યો નહીં. ૨૦મી જુલાઈ ૧૯૭૩ના દિવસે આ વિલક્ષણ અભિનેતાનું અવસાન થયું. તેના સહકર્મીઓના કહેવા મુજબ ફિલ્મની પૂર્ણતાના દિવસોમાં તેની તબિયત સારી રહેતી નહોતી. તેમના મૃત્યુ પહેલાં, બ્રુસ લી અભિનેત્રી બેટી ટિંગ પેઈના એપાર્ટમેન્ટમાં હતો. ત્યારે તેના માથામાં દુખાવો ઉપડ્યો. અભિનેત્રીએ તેને ઈક્વિજેસિક નામની દવા આપી. બ્રુસ લી આરામ કરવા સૂઈ ગયો અને ફરી ક્યારેય ઊઠ્યો નહીં. તેના મૃત્યુના કેટલાક મહિનાઓ પહેલાં તેના શરીરમાં રહેલી પરસેવાની ગ્રંથિઓ શસ્ત્રક્રિયા દ્વારા દૂર કરવામાં આવી હતી.

તેનું આકસ્મિક મૃત્યુ અફવાઓ અને અટકળો તરફ દોરી ગયું. એવું માનવામાં આવતું હતું કે, બ્રુશ લીની હત્યા ચીની ગુંડાઓએ કરી હતી. બ્રુસ લીના મૃત્યુના ૫૦ વર્ષ બાદ વૈજ્ઞાનિકોએ દાવો કર્યો હતો કે, તેનું મૃત્યુ વધુ પડતું પાણી પીવાના કારણે થયું હતું. ક્લિનિકલ કિડની જર્નલે તેના અહેવાલમાં જણાવ્યું હતું કે, બ્રુસ લીની કિડની વધારાનું પાણી બહાર કાઢવામાં નિષ્ફળ રહી હતી, જેના કારણે તેના લોહીમાં સોડિયમનું પ્રમાણ ઘટી ગયું હતું, જે તેના મૃત્યુનું કારણ બન્યું હતું. લીનું મૃત્યુ હીટ સ્ટ્રોકને કારણે થયું હોવાનું માનવામાં આવે છે. જોકે, આજે પણ બ્રુસ લીના મૃત્યુને લઈને સર્વસંમતિ સધાઈ શકી નથી.